**આંક:–૧૩**

**નામ. મજુર અદાલત નં.૫, અમદાવાદના પ્રમુખ અધિકારી સાહેબ સમક્ષ. મુ. અમદાવાદ**

**રેફરન્સ કેસ નં.૮૭૦/૨૦૧૯**

**પ્રથમ પક્ષકાર :–** ૧. **રીલાયેબલ આર્ટ પ્રીન્ટરી (અમદાવાદ) પ્રા.લી.,**
યુનીટ–૨, ચાચરવાડી, વાસણા, તા.સાણંદ,જિ.અમદાવાદ.

૨. **સલામતી સીક્યુરીટી એન્ડ પર્સનલ ફોર્સ પ્રા.લી.,**
૭, અનુરાગ, યુકો બેંક આગળ, ભૈરવનાથ ચાર રસ્તા, મણીનગર, અમદાવાદ.

૩. **સલામતી સીક્યુરીટી એન્ડ પર્સનલ ફોર્સ પ્રા.લી.,**
**ઠેકાણુ:– નં.૧ મુજબ.**

**<u>વિરુધ્ધ</u>**

**બીજા પક્ષકાર :–** **ચૌહાણ રેવાભાઈ ઉકાભાઈ,**
ઠેકાણુ:– ગામ–કરણ, તા. સાણંદ, જિ. અમદાવાદ.
૮/૦: ગુજરાત કામદાર ઉત્કર્ષ યુનીયન,
કંસારા પોળ, છીપવાડ, કડી, જિ.મહેસાણા.

વિષય : ઔધોગિક વિવાદ ધારાની કલમ ૧૦(૧)(સી) અન્વયે.

પ્રથમ પક્ષકારો તરફે :– વિ.વ.શ્રી / પ્રતિ.શ્રી એસ.એ.ઘાંચી
બીજા પક્ષકાર તરફે :– વિ. પ્રતિ. શ્રી ડી.એન.શાહ

'' **<u>એ વો ર્ડ</u>** ''

**(૧)** આ કામે બીજા પક્ષકારની ફરીયાદ અનુસંધાને સમાધાન અધિકારીશ્રી અને મદદનીશ શ્રમ આયુકત અમદાવાદનાએ પક્ષકારો વચ્ચે સમાધાન શકય બનેલ ન હોય ઔધોગિક વિવાદ અન્વયે વિવાદ બાબત સીધી મજુર અદાલત સમક્ષ અરજદારને અરજી કરવા સમાધાન અધિકારી અને મદદનીશ શ્રમ આયુકતના જાવક નં.નાશ્રઆ/અવિ/વિ–૪/ આઈડીઆર/**૧૧૫/વર્ષ–૧૯/૧૭૭૨૦**. તા.૩૦/૦૭/૨૦૧૯ થી ઔધોગિક વિવાદની કલમ–૧૦(૧)(સી) અન્વયે ન્યાય નિર્ણય અર્થે અત્રેની અદાલતને મોકલી આપવામાં આવેલ છે.

**(૨)** આજ રોજ **આંક–૨૨** સદર કામે પક્ષકારો વચ્ચે કોર્ટ બહાર સમાધાન થતાં પ્રથમ પક્ષકાર અને પ્રથમ પક્ષકારના વિ.વ.શ્રી અને બીજા પક્ષકાર અને બીજા પક્ષકારના પ્રતિનિધીની સહીથી **આંક–૨૨** થી સમાધાન ખત રજુ કરેલ છે, પક્ષકારોએ સ્વેચ્છાએ અંદરો અંદર સમાધાન થઈ ગયેલ હોવાનુ કબૂલ કરેલ હોય જેની ખાતરી કરી સમાધાન રેકર્ડ કરવામાં આવે છે અને તે મુજબ કામ સમાધાનથી ફૈંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે, જે **આંક–૨૨** થી રજુ સમાધાન હુકમનો ભાગ ગણાશે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તારીખ : ૧૩–૧૨–૨૦૨૫
સ્થળ : અમદાવાદ.

**(વિજયસિંહ ભાવસિંહ ચૌહાણ)**
જજ કોડ:જીજે૦૧૦૪૫
પ્રમુખ અધિકારી,
લેબર કોર્ટ નં.૩, અમદાવાદ.